# રાજ્યમાં કોરોનાથી હાહાકાર : વધુ ૩૭૬ કેસ

## રાજ્યમાં કુલ કેસ ૫૮૦૪ : અમદાવાદમાં ૨૬ સહિત રાજ્યમાં કુલ ૨૯ના મોત, ગુજરાતમાં મૃત્યુઆંક ૩૧૯

ગાંધીનગર, તા.૪

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૭૬ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૯ દર્દીના મોત થયા છે જ્યારે ૧૫૩ દર્દી સાજા થયા છે. આમ અત્યાર સુધીમાં ૫૮૦૪ દર્દી નોંધાયા છે અને મૃત્યુઆંક ૩૧૯એ પહોંચ્યો છે. તેમજ ૧૧૯૫ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

આ પહેલા ૧૯ એપ્રિલે ૩૬૭, ૨૯ એપ્રિલે, ૩૦૮, ૩૦ એપ્રિલે ૩૧૩, ૧ મેના રોજ ૩૨૬, ૨મેના રોજ ૩૩૩, ૩મેના રોજ ૩૭૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આમ સતત છઠ્ઠા દિવસે ૩૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે જ્યારે એક જ દિવસમાં કુલ ૭ વાર ૩૦૦થી વધુ દર્દી નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કેસો અંગેની અપડેટ આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭૬ નવા કેસ નોંધાયા છે. જેનું બ્રેકઅપ જોઈએ તો અમદાવાદમાં ૨૫૯, વડોદરામાં ૩૫, ભાવનગરમાં ૨૧, સુરતમાં ૨૦, ગાંધીનગરમાં ૭, પંચમહાલમાં ૭, દાહોદમાં ૬, મહીસાગરમાં ૩,બનાસકાંઠામાં ૩, બોટાદમાં ૩, જામનગરમાં ૩, રાજકોટમાં ૩, ખેડામાં ૩, સાબરકાંઠામાં ૨ અને આણંદમાં ૧ કેસ સામે આવ્યા છે.

જ્યારે અમદાવાદમાં ૨૬, વડોદરામાં ૨ અને સુરતમાં ૧ દર્દીના મૃત્યુ થતા ૨૯ દર્દીના મૃત્યુ થયા છે. જ્યારે ૧૫૩ દર્દી સાજા થયા છે. મૃત્યુ પામેલા ૨૯ દર્દીમાંથી ૧૬ના કોરોનાને કારણે અને ૧૩ના અન્ય બીમારી, હાઈ રિસ્ક અને કોરોનાથી મોત થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૪ હજાર ૬૪૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાં ૫૮૦૪ના રિપોર્ટ પોઝિટિવ અને ૭૮, ૮૪૪ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છેકે, સુરતમાં રહેતા સૌરાષ્ટ્રવાસીઓને તેમના વતન જવાની અનુમતિ આપવા અંગે વિચારણા કરવામાં આવી રહી છે. જ્યારે તેમને વતન જવા દેવાની મંજૂરી આપવામાં આવશે ત્યારે તેમનું સ્ક્રિનિંગ કરવામાં આવશે. જ્યારે તે પોતાના વતન પહોંચશે ત્યાં તેમનું મેડિકલ પરિક્ષણ કરવામાં આવશે. તેમજ વતનમાં પ્રવેશ મેળવ્યા બાદ ૧૪ દિવસ હોમ ક્વૉરન્ટીન રહેવું પડશે. ૧૪ દિવસના ક્વૉરન્ટીન ફરજીયાત છે અને ત્યારબાદ એક મહિનો પણ ત્યાં જ રહેવું પડશે. તેમને પાછા આવવાની પરવાનગી અપાશે નહીં.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છેકે, ગુજરાતથી પરપ્રાંતિયોને તેમના વતન મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રમિકોને બસ અને ટ્રેન મારફતે તેમના વતન મોકલવામાં આવી રહ્યાં છે. આજે સુરતથી પાંચ ટ્રેન જેમાં ત્રણ ઓડિશા, એક બિહાર અને એક ઝારખંડની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે અમદાવાદથી બે ટ્રેન બિહાર અને નડિયાદથી એક ટ્રેન ઉત્તરપ્રદેશના શ્રમિકોને લઈ જશે. આ આઠ ટ્રેનો થકી ૯૬૦૦ પરપ્રાંતિય શ્રમિકોને વતન મોકલાશે. અત્યારસુધીમાં ૧૮ ટ્રેનો થકી ૨૧૫૦૦ શ્રમિકોને વતન મોકલવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૦૭૬ | ૨૩૪ | ૬૨૦ |
| વડોદરા | ૩૮૫ | ૨૭ | ૧૪૭ |
| સુરત | ૭૦૬ | ૩૧ | ૨૦૬ |
| રાજકોટ | ૬૧ | ૦૧ | ૧૮ |
| ભાવનગર | ૭૪ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૫ | ૦૬ | ૩૭ |
| ભરૂચ | ૨૭ | ૦૨ | ૨૨ |
| ગાંધીનગર | ૭૭ | ૦૩ | ૧૪ |
| પાટણ | ૨૨ | ૧ | ૧૨ |
| પંચમહાલ | ૪૫ | ૦૩ | ૦૫ |
| બનાસકાંઠા | ૩૯ | ૦૧ | ૧૪ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૦ |
| છોટાઉદેપુર | ૧૪ | ૦૦ | ૧૧ |
| કચ્છ | ૦૭ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૩૨ | ૦૦ | ૦૭ |
| બોટાદ | ૩૩ | ૦૧ | ૦૬ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૧૩ | ૦૦ | ૦૨ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ખેડા | ૧૨ | ૦૦ | ૦૨ |
| જામનગર | ૦૪ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૦૫ | ૦૦ | ૦૩ |
| અરવલ્લી | ૨૦ | ૦૧ | ૧૩ |
| મહીસાગર | ૩૬ | ૦૦ | ૦૬ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૧ |
| વલસાડ | ૦૬ | ૦૧ | ૦૨ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૩ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૦ | ૦૦ |
| કુલ | ૫૮૦૪ | ૩૧૯ | ૧૧૯૫ |

# રાજ્યમાં ઠેર-ઠેર શ્રમિકોનો વતન જવા માટે હોબાળો

## વતન જવાની લ્હાયમાં પરપ્રાંતિયો અધીરા બન્યા : સુરતમાં પાલનપુર, પલસાણા સહિતના સ્થળોએ હજારો શ્રમિકો વિફર્યા : પથ્થરમારો, આગજનીની ઘટનાઓ બની

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં કોરોના સંકટ ચરમસીમાએ પહોંચ્યુ છે. કેન્દ્ર સરકારનો શ્રમિકોને તેમના વતન મોકલવાનો નિર્ણય રાજ્ય સરકારો માટે માથાનો દુખાવો બની રહ્યો છે. આજે વહેલી સવારથી જ ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાજકોટ, ગોંડલ, મહેસાણા સહિતના સંખ્યાબંધ શહેરોમાં કલેક્ટર કચેરીઓ સામે શ્રમિકોની ભીડ જામી છે. લોકડાઉનની સ્થિતિમાં પણ આ શ્રમિકો આટલા મોટા પ્રમાણમાં અહીં કેવી રીતે પહોંચ્યા તે એક મોટો પ્રશ્ન છે. આ ભીડ કોરોનાના ફેલાવવામાં નિમિત્ત બનશે તો વિનાશ નોતરશે. ગુજરાતમાં કોરોના સંકટમાં પરપ્રાંતિયોની ધીરજ ખુટી રહી છે છેલ્લા દોઢ મહિનાથી બેરોજગારી અને ઘરમાં બંધ રહેવાને લીધે પોતાના વતન જવાની તાલાવેલીમાં




હજારો પરપ્રાંતીયો-શ્રમિકોના ટોળા એકઠા થઈને વિરોધ કરી રહ્યા છે એટલુ જ નહીં પરંતુ સુરતમાં પાલનપુર પાટિયા, પલસાણા, વરેલી, કડોદરા, બારડોલીમાં હજારો પરપ્રાંતિયોએ ધીરજ ગુમાવી એક તબક્કે ખુદ પોલીસ પર હુમલો કરી દીધો હતો અને જોરદાર પથ્થરમારો કર્યો હતો. તો, આગજની અને વાહનોમાં તોડફોડની ઘટનાઓ પણ નોંધાઈ હતી. એક તબક્કે પોલીસને પરિસ્થિતિ કાબૂમાં લેવા ટીયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. પોલીસે પરિસ્થિતિ થાળે પાડયા બાદ તોફાની તત્વોને રાઉન્ડ અપ કરી તેઓની વિરૂધ્ધ અટકાયતી પગલાં સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગુજરાતમાં ફસાયેલા લાખો પરપ્રાંતિયોની ધીરજ હવે ખુટી ગઈ છે. છેલ્લા દોઢ મહિનાથી કામધંધો બંધ છે. ત્યારે હવે આ પરપ્રાંતિયોએ એકઠા થઈને વતન જવાની માંગ કરી રહ્યા છે. એટલુ જ નહીં પરંતુ પોલીસ ઉપર પણ હુમલો કરી રહી છે. આ હુમલાએ હિંસક સ્વરૂપ ધારણ કરી લેતા સુરતમાં પોલીસ અને પરપ્રાંતિયો આમને સામને આવી ગયા હતા. સુરતના પલસાણા વિસ્તારમાં એક હજારથી વધુ પરપ્રાંતીયો-શ્રમિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પોલીસ પર પથ્થરમારો થયો. બિનગુજરાતી લોકોએ વતન જવાની માગ સાથે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. એક હજારથી વધુ લોકો એકઠા થતા વધારાની પોલીસની ફૌજ ઘટનાસ્થળે બોલાવવાની ફરજ પડી હતી. એક તબક્કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે ટીયર ગેસ પણ છોડવાની ફરજ પડી હતી. વાતાવરણ તંગ બની જતા પલસાણા, કડોદરા, બારડોલી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. સુરતની જેમ રાજયના અન્ય શહેરો અને વિસ્તારોમાં પણ પરપ્રાંતીયો હજારોની સંખ્યામાં કલેકટર કચેરી સહિતના સ્થળોએ ઉમટયા હતા.



ગાંધીનગરમાં વસતા પરપ્રાંતિય શ્રમિકો મોડી સાંજે જિલ્લા ક્લેક્ટર કચેરી પાસે માદરે વતન જવાની અરજી માટે એકત્ર થયા હતા.

# ચિલોડા મુખ્ય બજારમાં લોકડાઉનનો ત્રીજા તબક્કાનો ચુસ્ત અમલ

## માત્ર સવારે ૭ થી ૧ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રહેશે

લોકડાઉનનો ત્રીજો તબક્કો શરૂ થઈ ગયો છે. આ તબક્કામાં હવે ખૂબ મહત્વનો તબક્કો હોવાથી વહીવટીતંત્ર પ્રશાસન, સ્થાનિક સત્તાવાહકો, જાગૃત નાગરિકો ગામમાં પ્રવેશતા તમામ માર્ગો પરનો પહેરો કડક બનાવ્યો છે. ત્યારે ગાંધીનગરના પાદરે પ્રવેશદ્વાર સમા જંકશન મથક ગણાતુ ચિલોડા ગામના મુખ્ય બજારમાં અસંખ્ય દુકાનો આવેલી છે. જેમાં કરિયાણા, શાકભાજી, મેડીકલ સ્ટોર, અન્ય દુકાનો મુખ્યત્વે આજુબાજુ ગામોના લોકોનું ખરીદી કેન્દ્ર ગણાય છે. ત્યારે ત્રીજા તબક્કામાં આ વિસ્તારમાં લોકોની અવરજવર વધુ રહેતી હોવાથી લોકડાઉનના નિયમનું ચુસ્તપણે અમલ કરવો મુશ્કેલ લાગતાં ગામના સરપંચ તથા જાગૃત નાગરિકો દ્વારા દુકાનદારો સાથે લોકડાઉનના અમલ અંગે અને કોરોના વાયરસના સંક્રમણ સામે રક્ષણાત્મક પગલાંરૂપે તકેદારી અને સાવધાનીના ભાગરૂપે વધુ ભીડ ન થાય તેવી સુવ્યવસ્થા સારૂ બજારનો સમય સવારે ૭ થી ૧ વાગ્યા સુધી નક્કી કર્યા પછી હવે સૌનો સાથ સહકાર મળતાં સંપૂર્ણ લોકડાઉનનો અમલ ચુસ્તપણે કરવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી. માત્ર બજારમાં ત્રણ મેડીકલ સ્ટોરના માલિકોએ વારાફરતી અમુક દિવસે દુકાન ખોલવાની સંમતિ આપી સહકાર આપ્યો હતો. આમ ચિલોડા હવે સંપૂર્ણ લોકડાઉનો ચુસ્ત અમલ કરવા સજ્જ બન્યુ છે. પ્રવેશવાના મુખ્યમાર્ગે મોટા બેરીકેટ લગાવી દેવાયા છે.

## પરપ્રાંતીય શ્રમિકોનું ઘાતકી રૂપ

# શામળાજી પોલીસ પર લોખંડના સળિયાના હથિયાર વડે હુમલો

શામળાજી, તા. ૪

કોરોનાએ ચારે તરફ કહેર મચાવ્યો છે. જેના કારણે લૉકડાઉન



લંબાવવામાં આવ્યું છે. શામળાજી નજીક શેલ્ટરહોમમાં રાખવામાં આવેલા શ્રમિકોએ વતનમાં જવાની માંગ સાથે પોલીસ કર્મીઓ પર પથ્થરમારો કરવાની સાથે પોલીસકર્મીઓ પર લોંખડના સળિયાના હથિયારો બનાવી ઘાતકી હુમલો કરતા ૩ પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી હતી. પરપ્રાંતીય શ્રમિકોએ શેલ્ટરહોમમાં અને વાહનોમાં તોડફોડ મચાવતા જિલ્લા પોલીસવડા મયુર પાટીલ સહીત પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચી સ્થિતિ કાબુમાં લીધી હતી. ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. શામળાજી પોલીસે ૧૫ પરપ્રાંતીય શ્રમિકો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લીમાં શામળાજી, મોડાસા, ભિલોડા સહિત અનેક જગ્યાએ અંદાજે ૯૦૦ જેટલા શ્રમિકોને આશ્રય આપવામાં આવ્યો છે. શામળાજી પાસેના શેલ્ટર હાઉસમાં રખાયેલા શ્રમિકોએ વતન જવાની માંગ સાથે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં ત્રણ પોલીસ કર્મીઓ ઘાયલ થતા પોલીસતંત્રમાં ભારે ચકચાર મચી છે.

શામળાજી પોલીસે પોલીસકર્મી દિનેશકુમાર બદાજીની ફરિયાદના આધારે સુલેમાન મહમંદઅહેમદ મુગલ, મોહંમદ રફીક અબરાર મુગલ સુવાર, વજીર અનાબાર અંસારી, ગુલહસન મહેમુદહસન મનસુરી, મહંમદજુનેદ મહમદ જુબેર તુર્ક, નાસીર સાતીરહુસેન તુર્ક, નાદીર જાવેદ સૈયદ, રોહીત શ્રીશિવરામ સીંગ શંખવાર, શ્યામબાબુ ક્પાલસિંહ વિશનસિંહ કુશવાહ, સુનિલ એબરનસીંગ કહેરીયા, કલ્લુ રામનરેશ કટેરીયા, કમલેશકુમાર કામતાપ્રસાદ નિસાદ, આદેશકુમાર રામપ્રકાશ, તૂફાનીલાલ રામધરસ કેવેટ, વિજયસીંઘ બાબુરામ કુશવાહ (તમામ હાલ રહે, અમદાવાદ, મૂળ રહે, ઉત્તર પ્રદેશ) વિરુદ્ધ ૩૦૭, ૩૩૩, ૧૮૬, ૧૨૦બી, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૧૮૮, ૫૦૪, ૫૦૬(૨), નેશનલ ડિઝાસ્ટર એક્ટ અને જીપીએક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી તજવીજ હાથ ધરી હતી.

### સ્પષ્ટ સૂચના આપે... ● ત્રીજા પાનાનું ચાલુ

અડચણનો સામનો કરવો પડે છે. નવા સેકટરોમાં અખબારના વિતરણ માટે પોલીસ ફેરિયાઓને પ્રવેશ આપતી નથી. ડોકટર અને પોલીસની સાથે મીડીયા પણ કોરોના વોરિયર્સ તરીકેનો રોલ અદા કરે છે. સમાજ અને સોસાયટીમાં બનતી નાની મોટી બાબતે જીણવટ પુર્વક નાગરિકોને જાગૃત કરે છે. ત્યારે આવા સંજોગોમાં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કર્યા હોય તેવા વિસ્તારમાં રોજ ફેરિયાઓને પોલીસ અટકાવી છાપાના વિતરણ માટે પ્રવેશ આપતા નથી. બીજીતરફ પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ અને સરકાર જરૂરી આદેશ આપી દેવાયા હોવાની સાથે મીડીયા પરસન તેમજ સવારે અખબારનુ વિતરણ કરતા ફેરિયાઓને ન પ્રવેશ માટે છુટ આપવામાં આવી હોવાનુ જણાંવે છે. પરંતુ સ્થળ પરની સ્થિતિ કાંઈ જુદી જ છે. રોજબરોજ સેકટરોમાં પોલીસ અને ફેરિયાઓને પ્રવેશ આપતી નથી. આ સ્થિતિ વચ્ચે શહેરમાં અખબારના વિતરણ મામલે સરકારે સ્પષ્ટ અને સીધી વાત કરવાની અનિવાર્યતા છે. અખબારોનુ વિતરણ કરવાની છુટ આપવાના મામલે પોલીસ તંત્રને પણ સીધી જ કડક સુચના આપવી જોઈએ જેથી આ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. કોરાના સંક્રમણના ભય વચ્ચે અખબારી આલમના પત્રકારો પણ સતત પોતાની ફરજ નિભાવી રહ્યા છે. જયારે ફેરિયાઓ પણ આ કપરાકાળમાં ઘરે ઘરે નાગરિકોને અખબાર પહોંચાડવાનુ ઉમદા કામ કરે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં હાજર પોલીસ ફરિયાઓને પ્રવેશ ન આપતા અખબારોના વિતરણનો મામલો ગોથે ચઢયો છે. હાલ શહેરના નવા સેકટરોમાં અખબારનુ વિતરણ થઈ શકતુ નથી. આવા સંજોગોમાં ઉપરથી સુચના હોવાનુ જણાંવી સવારે ફરિયાઓને સેકટરોમાં પ્રવેશ અપાતો નથી બીજીતરફ સરકાર જણાંવ્યા મુજબ ફેરિયાઓને ન અટકાવવા માટે સુચના આપી દેવામાં આવી હોવાનુ અનેકવાર ગાઈવગાડીને કહેવાયુ છે. ત્યારે હવે સરકારે આ મામલે સીધી વાત કરી અત્યંત સ્પષ્ટ સુચના આપવી અનિવાર્ય બની છે.

### સેક્ટર-૨૪માં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે દિવસમાં જ આ એક જ સેક્ટરમાંથી ૧૦૦ થી ૧૫૦ જેટલા ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવે તેવી કડક સૂચના અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તાએ જ આપી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનમાં લોકડાઉનનો અમલ પણ કડક રીતે કરવામાં આવે તેવી સૂચના અપાઈ હતી.

શહેરમાં સુપર સ્પ્રેન્ડર જે છે તેમનું ટેસ્ટીંગ કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી.

### સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માગે છે તેમના મુદ્દે ધારાસભ્યશ્રી કેટલીવાર રજુઆત કરી ગયા ? તંત્રએ તેની કઈ વ્યવસ્થા ઉભી કરી, શ્રમિકો પાસે કોમ્પ્યુટર હોત તો ઓનલાઈન અરજી જરૂર કરત, પરંતુ આ પ્રશ્નો ટાળવાના અભિગમને બદલે તેમને સાંત્વના મળે તેવા પગલાં કેમ નથી લેવાતા ?

શહેરમાં નાની બચતના રોકાણકારોને સેક્ટરોની પોસ્ટ ઓફિસો બંધ હોવાથી મેચ્યોર્ડ થયેલા બચત પત્રોના નાણાં ક્યારે મળશે ? પોષ્ટ તંત્ર સાથે આ મુદ્દે બેઠક ક્યારે કરાશે ? કોરોનાની સાથે પાણીજન્ય રોગચાળાના કેસો દેખાયા છે ? તે માટે શુ પગલાં લેવાયા ? વાહકજન્ય રોગચાળાને પણ નિયંત્રણ કરવાના પગલાં વિશે તમારી બેઠકોમાં ચર્ચા થઈ કે નહિ તે ખબર નથી.

કન્ટેનમેન્ટ જોનમાં જઈ કેટલા અધિકારીઓએ વસાહતીઓને તકલીફ નથી ને તે જાણવાનો પ્રયત્ન કર્યો ? ઓલ્ડ એજ અને ૬૦ થી વધુ વય ધરાવતા કેટલા વસાહતીઓના આરોગ્યની તપાસ કરાઈ ? માત્ર ને માત્ર સર્વેલન્સની વાતો જ નહિ પણ નક્કર કાર્યવાહી થાય તે જરૂરી છે. શહેરમાં કેટલા ટેસ્ટ થયા તેની વિગતો જાહેર કરાય. રાત્રે નવ વાગે જ દર્દીઓની યાદી મિડિયાને તે પણ ઉઘરાણી કરે તો જ મળે તેવુ વલણ છોડવામાં આવે તે એટલુ જ જરૂરી છે. નોંધાયેલા દર્દીઓમાં બે સિસ્મોમેટીકલ કેટલા દર્દી છે ? લોકલ ટ્રાન્સમિશન ક્યાંથી થયુ તેની વિગતો પણ જાહેર કરવી જરૂરી જણાઈ રહી છે.

### રિકવરી દર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંયુક્ત પત્રકાર પરિષદમાં પણ આ અંગે ગંભીર ચિંતા ઉભી કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી લુવ અગ્રવાલે જણાવ્યું હતું કે લોકડાઉનના ત્રીજા તબક્કામાં આજથી છૂટછાટ દરમિયાન લોકોએ સામાજિક અંતરને અનુસરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે નોંધ્યું છે કે લોકો જ્યારે કોરોના વાયરસ લોકડાઉનમાંથી મુક્તિ મળે છે ત્યારે તેઓ સામાજિક અંતરનો આદર કરતા નથી. જલદી પ્રતિબંધ હળવા થાય, ચેપ ફેલાવાનું જોખમ ઝડપથી વધી જાય છે. ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવે કહ્યું કે રાજ્યોને એ સુનિશ્ચિત કરવા કહેવામાં આવ્યું છે કે આંતર-રાજ્ય કાર્ગોની અવરજવરમાં કોઈ મુશ્કેલી ન આવે. આ માટે, કંટ્રોલરૂમ નંબર ૧૯૩૦ અને ભારતના નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ગૃહ મંત્રાલયની હેલ્પલાઈન નંબર ૧૦૩૩ નો ઉપયોગ ડ્રાઈવરો અને ટ્રાન્સપોર્ટરો દ્વારા લોકડાઉન સંબંધિત કોઈ ફરિયાદ નોંધાવવા માટે કરી શકાય છે. ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ (આરોગ્ય) અમિત મોહન પ્રસાદે કહ્યું કે રાજ્યમાં કોરોના વાયરસના કુલ સક્રિય કેસ ૧૯૩૯ છે. તેમણે કહ્યું કે ચેપના આ આંકડા કુલ ૬૪ જિલ્લામાંથી આવ્યા છે.

### ઉમટી પડ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માર્ગદર્શિકા મુજબ અમે છૂટ આપી હતી. આજે મને એ જોઈને દુખ થાય છે કે લોકો કેટલીક દુકાનોની સામે સામાજિક અંતરને અનુસરતા નહોતા. જેના કારણે નાસભાગની પરિસ્થિતિ સર્જાઈ હતી. તે ફક્ત તમારું જ નુકસાન હતું. જો કોઈ ત્યાં હોત, તો કોરોના તમે પણ હોઈ શકે. મુખ્યમંત્રીએ કહ્યું કે જ્યાં પણ લોકોએ આ પ્રકારની કાર્યવાહી કરી તે યોગ્ય નથી. લોકોએ સામાજિક અંતરને અનુસરવું પડશે. તમારા પરિવારની ખુશી અને દિલ્હીના લોકોના સ્વાસ્થ્ય માટે હું આ કહું છું. તેમણે કહ્યું કે કોઈ પણ દુકાન બંધ નથી થઈ રહી. આવી સ્થિતિમાં નાસભાગ ન સર્જાય. તેમણે ચેતવણી આપી હતી કે, મારે જો બાકીની દિલ્હીના લોકોના સ્વાસ્થ્ય માટે કડક પગલાં ભરવા પડશે, તો હું તે લઈશ. જો વસ્તુઓ ક્યાંક બરાબર ચાલી રહી નથી, તો અમારે તે ક્ષેત્રને સીલ કરવું પડશે, તેથી આપને આપેલી છૂટછાટોમાં સહકાર આપવા વિનંતી કરું છું. અમે ધીરે ધીરે દિલ્હી ખોલી રહ્યા છીએ. સીએમ કેજરીવાલે દુકાનદારોને ચેતવણી પણ આપી હતી કે જો કોઈ પણ દુકાનની સામે સામાજિક અંતરનું પાલન ન કરવામાં આવે તો તેઓ તેને સીલ કરશે.

### સૌથી વધુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચેનો તફાવત છે. ચંદ્રાની આગેવાની હેઠળની તપાસ ટીમ શહેરમાં બે અઠવાડિયા ગાળ્યા પછી રાષ્ટ્રીય પાટનગર પરત આવી છે. આઈએમસીટીના દાર્જિલિંગ, જલ્પાઈગુરી અને કાલિમપોંગ ટીમના નેતા વિનીત જોશીએ કહ્યું કે અમે આજે ૧૫ દિવસ પછી પશ્ચિમ બંગાળથી જઈ રહ્યા છીએ. તે દરમિયાન, અમે તપાસ કરવા અને અહેવાલો આપવા માટે ઘણી જગ્યાએ મુલાકાત લીધી છે. આ અહેવાલ કેન્દ્ર સરકારને સુપરત કરવામાં આવશે. પ્રાથમિક અહેવાલથી સ્પષ્ટ થઈ ગયું છે કે અહીંના કોરોના રોગચાળામાં ખૂબ સુધારો થયો છે. ભારતને કોરોના વાયરસ સામે લડતા ત્રણ મહિનાનો સમય વીતી ગયો છે. આ ત્રણ મહિનામાં આ કેસ ૩૪ હજારની નજીક પહોંચી ગયો. પરંતુ મેની શરૂઆત થતાં જ કિસ્સાઓમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં એવો ઉછાળો જોવા મળ્યો કે કુલ કેસ સીધા ૪૨ હજારને પાર પહોંચી ગયો. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ બ્રાયને કહ્યું કે બંગાળનો કેન્દ્રને સહકાર ન આપવાનો આરોપ પાયાવિહોણા છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ભાજપ તેના બનાવટી સમાચારોનું કારખાના બંધ કરશે. આ સ્પષ્ટ બતાવે છે કે પશ્ચિમ બંગાળ સીઓવીડ -૧૯ ની સ્થિતિ વધુ સારી છે.